પ. શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર (વિ.સં ૧૯૯૪) ઈ.સ. ૧૯૩૮




શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાય મંદિર

દરેક દ્રવ્ય સ્વતંત્ર છે, કોઈ કોઈનું કાંઈ કરી શકતું નથી.

# શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર




**શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર હોલ**

આ સ્વાધ્યાયમંદિર ૨૫' x ૫૦' ફૂટનો હોલ છે, જેમાં પૂજ્ય ગુરુદેવનાં દરરોજ બે વાર પ્રવચન તથા તત્ત્વચર્ચા વગેરે કાર્યક્રમ ચાલતા હતા. તેના નૈઋત્ય ખૂણાનો રૂમ પૂજ્ય ગુરુદેવનું નિવાસ, તેમ જ ધ્યાન-અધ્યયનનું ધામ હતું. હાલમાં પણ આ સ્વાધ્યાયમંદિરમાં પૂજ્ય ગુરુદેવશ્રીનાં ટેપ પ્રવચનો, સીડી પ્રવચનો, શાસ્ત્રસભા વગેરે કાર્યક્રમો ચાલે છે. હોલની દિવાલો પર અંકિત પૌરાણિક ચિત્રો, આધ્યાત્મિક વચનામૃત, પૂજ્ય ગુરુદેવનું ભવ્ય ચિત્રપટ વગેરે જોવાલાયક વસ્તુ છે.

પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીએ સોનગઢમાં આવીને વિ.સં. ૧૯૯૧માં 'મહાવીરજયંતી'ના દિને 'પરિવર્તન' કરી પોતાને દિગંબર જૈન ધર્મના ઉપાસક તરીકે જાહેર કર્યા. વિ.સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮, તા. ૨૨-૫-૧૯૩૮, ના દિને શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિરનું ઉદ્‌ઘાટન થયું; અને તેમાં પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના પવિત્ર હસ્તે 'સમયસાર' પરમાગમની પવિત્ર સ્થાપના થઈ.

જગતની સર્વ વિદ્યામાં ચૈતન્યની અધ્યાત્મવિદ્યા સર્વ શ્રેષ્ઠ છે. વિદ્યા એનું નામ કે જે મુક્તિનું કારણ થાય. સ્વાનુભૂતિ વડે આત્માને જાણવો તે અધ્યાત્મ વિદ્યા છે ને તે વિદ્યા મોક્ષનું કારણ છે. આવી અધ્યાત્મવિદ્યા પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો દ્વારા અહીંથી શીખવા મળે છે.